# શ્રી રણછોડરાય મહારાજની

હર ચોભુજ યુક્ત નુતન વપુ, મેઘજ સમાને પ્રભુ



શોભે મૌક્તીકમાળ શ્રી હૃદયપે, હસ્તે ગદા, ચુંબ થયું.

[illegible]

ડાબે હસ્ત સુચક નીર્મલ થયો. શંખજ ધર્યું પદ્મસુ,

## સાત સમયની ઝાંખી.

કર્તા કેશવ.

ન્યોચ્છાવર રૂ. ૦-૧-૦.

ૐ

છત્રપતિ—રાજનકેરાજ મહારાજાધિરાજ

# શ્રી રણછોડરાય

પ્રભુના

## સાત સમયનાં દર્શન (સંગિત કવાલીમાં)

( કવાલી—ગઝલ. )

મીઠી પ્યાલી કવ્વાલીની, અમોને આજ પીવા દો;
ગઝલ રણછોડની ખંતે, અમોને આજ ગાવા દો.
કદી કો માન આપો શું, કદી નિંદા કરોતો શું;
કરૂંના કોઇની પરવા, નકી રણછોડને ભજવા.

રચી પ્રસિદ્ધ કર્તા.

કવી કેશવરામ વિ. ત્રિભુવનરામ [કુંડલાકર]
મુ. ડાકોર. ઠે. સ્ટેશનરોડ.



આવૃત્તિ ૭ મી. સંવત ૧૯૭૫. પ્રત ૨૦૦૦

ન્યોચ્છાવર. રૂ. ૦—૧—૦

મેં જે ભોગવ્યું છે, તે હું કમાયો છું; મેં જે બચાવ્યું છે, તે મેં ખોયું છે.

મેં જે દાન કર્યું છે, તે મારી પાસે છે; મેં જે ભક્તિ કરી છે; તે મારી સાથે છે.

# "મંગળ પુષ્પાંજલિ."

હે અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ અજર અમર અવિનાશી
દીનબંધુ કૃપાસિંધુ ભક્ત વત્સલ ભક્ત ભવભય ભંજન સચ્ચિ-
દાનંદ ઘન પરમાનંદ પ્રભુ પુરૂષોત્તમ પરમેશ સર્વ
વ્યાપક સર્વાન્તર્યામિ સર્વાત્મા વિશ્વંભર વિશ્વા-
ધાર વિશ્વેશ દયાનિધિ વૈકુંઠપતિ ડાકુરાધિશ
પૂર્ણબ્રહ્મ મહા મંગલ સ્વરૂપ
મહારાજાધિરાજ શ્રી
રણછોડરાય
શ્રી; —ડંકપુર કીંવા વૈકુંઠપુર.

પ્રભુ
આપની કૃપાથી પ્રસાદિથી
અનેક યોનિમાં અથડાતો હું આ
મનુષ્ય તેમાં (મુખ્ય) દ્વિજ દેહમાં આવી
આપના દર્શજ્યોતના પ્રકાશથી આપના ચ-
રણારવિંદે વાસ કરી આપના અનંત ગુણગાનના
પુષ્પ કુંજમાંથી યથામતિનુસાર આપના ગુણાનુ-
ગાનનું આ પુષ્પ ચુંટી આપના ભક્તભયહર કલ્યાણ-
કારી સુકોમળ ચર્ણકમળમાં આ અલ્પજ્ઞ બાળક
સપ્રેમ પુર્વક સમર્પે છે. તે સ્વિકારશોજી.

આપના ચર્ણાનુરજ ઠીકર.

---

શ્રી " સત્યવિજય " પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકળચંદ હરિલાલે છાપ્યું. ઠેકાણું. પાંચકુવા નવાદરવાજા—અમદાવાદ.





श्री गणेशायनमः | श्री सरस्वत्यैनमः

ગતિ;—ગજમુખ દેવ ગણેશા, કમલાસન કરનારી

વિઘ્ન નિવારણ છો મંગલ બંધુ;—સરસ્વતી તું છે કરૂણાસિંધુ.

# મંગલાચરણ.

---

( કવ્વાલી—ગઝલ.

નમું હું ગુનપતિ દાતા, મયાકર શારદા માતા;
ગુણો સહુ આપના ગાતા, થયા છો જગત વિખ્યાતા.
મુશક પર ગુનપતિ સ્વારી, મયુરપર શારદા સારી;
ગણેશને અષ્ટધા નારી, કુંવારી છે વિણા ધારી.
પ્રથમ શુભ કાર્યમાંપ્હેલા, ગજાનન આવતા વ્હેલા;
અખિલ સીંદુર ગુલાલે, પુજાઓ ખુબ દુંદાળા.
જગતમાં રૂમઝુમ કરતી, વળી વીણા લઇ ફરતી;

દરિદ્રો દુઃખ તું હરતી, ઘણાનો મોક્ષ તું કરતી.
ગજાનન સર્વ પુજાયે, ગુણો સહુ ખંતથી ગાયે;
અમારા કાર્યમાં નિત્યે, ગણેશા વિઘ્ન તું હરજે.
કૃપા કર શારદા દેવી, કરૂં છું અર્જ હું એવી;
સદા કેશવ હૃદય માંહી, વસો માતુ દયા લાવી.

---

મંગળા— ( કવ્વાલી—ગઝલ. )

પ્રભાતે આપતો જાગો, મીઠી નિદ્રા તમો ત્યાગો;
કરે પક્ષિ મધુર રાગો, દુદંભી વાગીયા નાદો.
કરાવું દંત ધાવન ને, ધરાવું દળ તણો લાડુ.
વળી માખન અને સાકર, અથાણું છે પ્રભુ તાજું;
સુમોહન થાળને સુખડી, મિંઠું દહિં દૂધને પૂરી;
ધરૂં જળ પાનની બીડી, કરૂં શ્રી મંગળા આર્તિ.
ઉતારી પાઘને વાઘો, સુગંધિ તેલ દઉં ચોળી;
પછીથી શુદ્ધ લઇ વારી, કરૂં હું સ્નાન તૈયારી.
ધરિને દિલમાં પ્રીતી, ભણીને વેદની રીતી;
લઇ પંચામૃતો સારા, ચડાવું આપને પ્યારા.
સુગંધિ કેશરી ચંદન, કરૂં હું આપને મર્દન;
લઇને શુદ્ધ જળ સારૂ, પ્રભુ પ્રેમજ ન્હવડાવું.
પ્રભુજી વસ્ત્ર બદલાવ્યું, પીતાંબર નાથ પ્હેરાવ્યું;
ધરાવ્યો પાઘને જામો, સદાદિલમાહ્ય વિરામો.
ધરી મોતી તણી શહેરૂં, તિલક કુંકૂમનું કરીયું;
બ્રહ્મ ઉપવીત તો ધરીયું, ઉપરણું શીર તો ધરીયું.

સુગંધિ અત્તરો છાંટી, ચડાવું પુષ્પ ને તુલસી;
મધુરી શ્યામ છે મુરતિ, કરૂં કેશવ પ્રભુ સ્તુતિ.
**બોલો શ્રી રણછોડરાયકી જય, શ્રી દ્વારિકાધીશકી જય.**

---

શૃંગાર— ( કવાલી ગઝલ. )

પુરી દહિં ચોપડા સારાં, સુમાખન મીસરી વાળાં;
શિરો દુધ શાક તો કોરાં, અથાણા છે પ્રભુ તાજાં.
સુ મોહનથાળ દળલાડુ, બદામી ચીજનો શીરો;
જમી જળપાન લ્યો બીડું, પ્રભુજી આપ શૃગારો.
મણી માણેકનો જડીયો, મુકુટ સુવર્ણનો ધરીયો;
સુધરીયાળોજ કંદોરો, વળી મોતી તણો તોરો.
ધરી શિરપેચને કતરો, ધરી મોતી તણી શહેરો;
મણી મુક્તા તણા હારો, જરી જામો પ્રભુ ધાર્યો.
વિંટીઓ હસ્ત બાજુબંધ, કરણ મકાકૃતી કુંડલ;
કૃપાળુ શ્યામળા સુંદિર, સુધારો આ હૃદય મંદિર.
ચિબુખ અલ્કાવલી બેસર મુકુટ તો કાચની ફૂકડ;
ધરાવું હેમનું છત્તર, ગુલાબી છાટી દઉં અત્તર.
ધર્યા હસ્તે કડાં પ્હોંચી, મુખાકૃત છે સદા હસ્તી;
સુવર્ણ મોહમય બઉંસી, હૃદય મંદીરમાંજ વસી.
ગળામાં ગુળછડી ભારી, પ્રભુ છો લક્ષ્મિ વિહારી;
વળી વેણી તમે ધારી, ધરી છે ડામણી સારી.
મુરતિયાં શ્યામ છે સારી, ધરો વનમાળ ગિરિધારી;
ઉતારૂં આરતી તારી, જઉં કેશવ બલિહારી.
**બોલો શ્રી રણછોડરાયકી જય, શ્રી દ્વારિકાધીશકી જય.**

---

ગ્વાલ— ( કવ્વાલી ગઝલ. )

પુરીને દળ તણો લાડુ, ધર્યો દુધ શાકને શીરો;
જમી જળ પાનનું બીડું, પ્રભુ પ્રેમેજ આરોગો.
પધારો આપ ધેનુમાં, બજાવો 'સામ' વેણુમાં;
સહુ ગોપીગણો જનમાં, સિધાવો બિંદરાબીનમાં.
કરો શ્રી કૃષ્ણુજી લીલા, ઝુલાવીતેં ગિરિશીલા;
રમાડયો સર્પનો કાલી, રમ્યા છો રાસ વનમાલી.
સુણીને બઉંસરી તારી, ભુલી સહુ ભાન વ્રજનારી;
લુંટાવી વાટ મહીયારી, કરી રાધા તણી યારી.
યશોદા નંદના લાલા, મહીડાં ચોરને વાલા;
વસુદે દેવકી વ્હાલા, દુઃખીનાં દુઃખ સહુ ટાળ્યાં.
કર્યા બહુ શૌર્યનાં કામો, વિદાર્યો કંસજી મામો;
ભક્ત દિલ માંજ વિરામો કરો અમ્મર પ્રભુ નામો.
પ્રભુ ગોધેનુને ચારી થઇ મધ્યાન તૈયારી;
પધારો નગ્ર ગિરિધારી, જઉં કેશાવ પ્રભુવારી.
બોલો શ્રી રણછોડરાયકી જય, શ્રી દ્વારિકાધીશકી જય.

---

રાજભોગ— ( કવાલી—ગઝલ. )

પ્રભુ ગોધેનુને ચારી, પધાર્યા નગ્ર મોરારી;
ભર્યું છે શુદ્ધ તો વારી, કરાવું સ્નાન ગિરિધારી.
ધરાવું શ્વેત તો અબર, ચડાવું પુષ્પ તુલ્સીદળ;
પ્હેરાવું વસ્ત્ર આભૂષણ, વળી છે કર્ણમાં કુંડલ.

બીછાવું કનકનો બાજઠ, ધરૂં ચોતર્ફ અંતરપટ;
ધરાવું હેમની થાળી, ભરી શુદ્ધોદકે ઝારી.
બનાવ્યું ચુરમું વ્હાલા, વડાં એ શાક તો સારાં;
અથાણાં પાપડો તાજા, સુગંધિ ભાત છે ઝાઝા.
ઘઉને ઘી તણી પોળી બનાવી ખીચડી રૂડી;
કર્યો દુધપાક ખંતેથી, કઢીને દાળ છે છુટી.
જગતના રાજ્યના રાજા, જમો રણછોડજી રાજા;
મહારાજાય ધિરાજા, તમો ડાકોર બિરાજ્યા.
જમી જળપાન લ્યો બિડું, ઉતારૂં આરતી વ્હાલા;
પછી પ્રેમેજ પોઢાડું, જપું કેશવ પ્રભુ માલા.
**બોલો શ્રી રણછોડરાયકી જય, શ્રી દ્વારિકાધીશકી જય.**

---

ઉત્થાપન– ( કવાલી ગઝલ. )

પ્રભુ નિદ્રા તમો ત્યાગો, થયો સંધ્યા સમય જાગો;
ધરૂં બંટો અને મેવો, પ્રભુ પ્રેમેજ આરોગો.
જમી જળપાનનાં બીડાં, ધરાવું પુષ્પની માળા;
ઉતારૂં આરતી વ્હાલા, કનૈયા કૃષ્ણજી કાળા.
પ્રભુ પ્રલ્હાદ ઉગાર્યો, હીરણ્યાકશ્ય (૧) સંહાર્યો;
શિવે સ્ત્રી વેષ તો ધાર્યો, તમારો ક્રોધ ઉતાર્યો.
પ્રભુ જય કુંજવિહારી, પ્રભુ જયજય ગિરિધારી;
ગરૂડપર આપની સ્વારી, જઉં કેશવ પ્રભુવારી.
**બોલો શ્રી રણછોડરાયકી જય, શ્રી દ્વારિકાંધીશકી જય.**

---

શયન— ( કવ્વાલી ગઝલ. )

ભરી દુધ દેગડા ધરીયા, વળી પૂરી અને ભજીયાં;
કઠોળો ગાંગડી શીરા, અથાણું શાક છે કોરાં.
ધરૂં જળ પાનની બીડી, ઉતારૂં આરતી તારી;
સુવર્ણ સર્વ ઉતારી, દઉં પુષ્પેજ શૃંગારી.
સુગંધિ પુષ્પનો બનીયો, ધરાવું આપને તનીયો;
મુકુટ તો કાચની ધરીયો, વળી જામો ફુલે ભરીયો.
ધર્યો મલ્કાચ્છ ટીપારો, કલી ગુંથેલ કંદોરો;
વળી શિરપેચને કતરો, કલી પુષ્પો તણા શહેરો.
ગુલાબી પુષ્પનો ભરીયો, કિરીટ મુકુટ પ્રભુ ધરીયો;
ડુમાલો શ્વેત પીછોડો, કલીની ચંદ્રીકા તોરો.
કડાં પ્હોંચીજ બાજુબંધ, કરણુ છે પુષ્પનાં કુંડલ;
ધરી પ્રભાવલી સુંદિર, કર્યા છે પુષ્પ આભૂષણ.
ચિબુખને નાકમાં બેસર, પગે ડોલર તણી ઝાંઝર;
કૃપાળુ શ્યામળા સુંદિર, મધૂરી મૂર્તિયાં મનહર.
ભરી પુષ્પો થકી મુરલી, રહી અલ્કાવલી ઝુલી;
છડી શિષ ફૂલને વેણી, ધરી છે ડામણી ઝીણી.
ગુલાબી પુષ્પનું ભરીયું, ઉપરણું શીરતો ધરીયું;
ભરી પુષ્પોતણી કલીયું, તિલક સુંદિર તો કરીયું.
સુગંધી પુષ્પની માલા, ધરો વનમાલી વનમાલા;
કનૈયા નંદના લાલા, કરૂં કેશવ પ્રભુ કાલા.

**બોલો શ્રી રણછોડરાયકી જય, શ્રી દ્વારિકાધીશકી જય.**

સખડી ભોગ.— ( કવ્વાલી—ગઝલ. )

સુવર્ણ બાજઠો ઢાળ્યાં, કનકના થાળ તો પીરસ્યા;
બિરાજો શ્રી હરી વ્હાલા, ધર્યા ભોગોજ સખડીના.
મગજ બુંદી તણો લાડુ, વળી દળ ચુરમું છુટું;
પુરણ પોળી વળી ઘેબર, જલેબી લાવરી ફક્કડ.
કરી ધારી સુતરફેણી, સુમોહનથાળ બાસુદી;
કર્યા દુધપાક ખંતેથી, ધર્યા શીખંડને બરફી.
ધર્યા છે માલપુવા શેવો, બિરંજખાજા અને મેવો;
સુકો લીલો ઘણો એવો, પ્રભુ પ્રેમે ધર્યો હલવો.
શિરો પુરી અને ભજીયાં, વડીને પાપડો તળીયાં;
તીખાંને તમતમા સારાં, અથાણાં આપને ધરીયાં.
કડોબો શાકને ભાજી, પ્રભુ થયા ભાજીથી રાજી;
વધારી દાળ તો ઝાઝી, કચોરી રાઇતાં ચટણી.
ખમણ કીધાંજ ખંતેથી, સુગંધી ભાત દઉં પીરસી;
પ્રભુ ઝારી ભરી જળની, પીરસીયો થાળ પ્રીતેથી.
જગતના રાજ્યના રાજા, જમો રણછોડજી રાજા;
જમી જળપાન લ્યો રાયા, બીડું તાંબુલનું વ્હાલા.
બિછાના મશરૂના ભરીયા, ભરી ગાદી અને તકીયા;
ભરી પુષ્પો થકી શૈયા, પલંગો હેમના ઢળીયા.
ઉતારૂં પુષ્પ આભુષણ, ધરાવું ધોતી ચાદરતો;
સુગંધી પુષ્પના હારો, ચંબેલી જુઇ ડોલરતો.
મણી માણેકની જડતર, સુવર્ણ ચાંખડી ફક્કડ;
દયાળુ શ્રી હરી સુંદર, પધારો ચાખડી ઉપર.

સુમોતીડે વધાવું હું, પ્રભુ ઝુલે ઝુલાવું હું;
બલિહારી અહો જાઉં, ગુણો કેશવ પ્રભુ ગાઉં.
**બોલો શ્રી રણછોડરાયકી જય. શ્રી દ્વારકાધીશકી જય.**

---

## ( આરતી. )

જય જય જગ ત્રાતા, પ્રભુ જય જય જગ ત્રાતા;
વિશ્વ વિષે વિખ્યાતા(૨)ગુણ તારા ગાતા—જયદેવ જયદેવ.
સુંદર શ્યામ સ્વરૂપ, ચાર ભુજા ધારી—પ્રભુચાર૦
શંખ ચક્રદ્રી હસ્તે (૨) પદ્મ ગદા ભારી; જયદેવ જયદેવ.
પ્હેર્યું અંબર પીત, મયુર મુકુટ ધરીયો;—પ્રભુમયુર૦
રત્ન કનકનાં કુંડલ (૨) પગમા ઝાંઝરીયો;—જયદેવ જયદેવ.
કંઠે મુક્તા હાર, રત્ન જડીત્ર સારા;—પ્રભુરત્ન૦
વેઢ વિંટી બાજુબંધ (૨) હસ્ત વિષે પ્હેર્યાં, જયદેવ જયદેવ.
કુમકુમ તિલક ભાલ, પુષ્પ તણી માલા;—પ્રભુ પુષ્પ૦
જરકશી ઝામો શોભે(૨)શ્યામ સુંદિરકાળા;—જયદેવ જયદેવ.
અકળ કળા ન કળાય, અકળીત તુજમાયા, પ્રભુ અકળીત૦
તૃષ્ણા માંહિ તણાયા(૨)જાણી નહિ માયા.—જયદેવ જયદેવ.
ઠાકુરનાથ વિભુ, ગુણ અગણિતતારા,—પ્રભુગુણ૦
આભવના સહુ પાપો (૨) નષ્ટ કરો મારાં;—જયદેવ જયદેવ.
રણછોડ રાયની આરતી, જે ભાવે ગાશે;—પ્રભુ જે ભાવે૦
કેશવનાથ પ્રભુને(૨)ચરણે તેજાશે મોક્ષપદી પાશે. જયદેવ જયદેવ.
**બોલો શ્રી રણછોડરાયકી જય, શ્રી દ્વારિકાધીશકી જય.**

---

વાંચક મહાશયો;—પાછળની સ્તુતીઓ કરવાની આવશ્યકતા હોવાથી લખી છે. મહાદેવની સ્તુતી એટલા માટે છે કે ભોળાનાથ ભક્તિદાતા છે. જેથી અવિચળ ભક્તિ આપે. ગુણપતીની સ્તુતી એટલા માટે છે કે તે ભક્તિકાર્યમાં વિઘ્નોનો નાશ કરે, અને હનુમાનજીની સ્તુતિ એટલા માટે છે કે નીષ્કામ ભક્તિ કરાવી વિજય વિજય કરાવે. જેથી શ્રી રણછોડરાય પ્રભુ પોઢયા પછી સાયંકાલે નીત્ય આ સ્તુતીઓનું પઠન થાય છેઃ—

## ( શ્રી ગણપતિનું સ્તવન. )

(રાગ—લાવણી—મુજ ઉપર ગુજરી પીતા પાદશાહ જાણી—એ.)

જય વિઘ્નહરા ગુણપતિ ગજાનન સ્વામી.—૨,
તું જગત તણા દુઃખહર વન્દુ શિરનામી—જય૦
છે મુશકતણું વાહન મોદિક છે પ્યારા—(૨)
અંકુશ ફરશી ધરી હસ્ત વિષે રદીયાળા;—જય૦
રિદ્ધિને સિદ્ધિ અષ્ટ તમારી નારી—(૨)
નિજ ભક્ત જનોને મન વાંછીત કરનારી—જય૦
સદજ્ઞાન તણા ભંડાર સત્વગુણ વાળા;—૨)
સહુ દેવ મહિં સર્વેશ પ્રથમ પુજાયા;—જય૦
હું અલ્પ જ્ઞાની અપરાધિ બહુ જન્મોથી,—(૨)
પણ ઇશ ભક્તિની દિલ વિષે છે પ્રીતિ;—જય૦
તે ભક્તિમાં સહુ વિઘ્ન હરો દુંદાળા—(૨)
કેશવ દર્શન ને કાજ કરૂં નીત્ય કાલા—જય૦

## ( કવાલી ગઝલ )

દિનોના દુઃખ હરનારા, ગજાનન આપ દુંદાળા;
સુખો સંતોષ દેનારા, નમુ પ્રેમે પ્રભુ પ્યારા.— ૧
મુશકપર આપ તો ફરતા, જગતના વિઘ્ન સહુ હરતા;
કરે મોદિક બહુ ધરતા, સહુ જન આપને ભજતા.— ૨
શુભાશુભ કાર્ય આરંભે, પ્રથમ તમ વંદના થાયે;
હરે સંકષ્ટ સઘળાંએ, સફળ સહુ કાર્ય કરતારે.— ૩
અમો અલ્પજ્ઞ પાપીને, પ્રભુજી શર્ણું રાખીને;
નકિ નિજ ભક્તિ આપીને, ઉગારે બાથ ઝાલીને— ૪
સહુ દેવો વિષે પ્હેલા, સ્મરણથી આવતા વ્હેલા;
સદા નિજ ભક્તજન કેરા, સહુએ દુઃખતો ટાળ્યા.— ૫
અમારા કર્મ પ્રારબ્ધે, બહુએ વિઘ્નતો આવે;
દયા સાગર દયા લાવે, સહુએ વિઘ્ન તું ટાળ.— ૬
ધરી અંકુશને ફરશી, ગજાનન આપ અવિનાશી;
કરે અમ કાર્યની સિદ્ધિ, અમારી એજ છે અરજી— ૭
યથાબુદ્ધિ અનુસારે, તમારી વિનતી કરીયે;
સદા કેશાવ પ્રભુચરણે, અમારી વૃત્તિ સ્થિર કરજે— ૮

**બોલો શ્રી ગણપતિ મહારાજકી જય.**

## ( શ્રી ડંકેશ્વર મહાદેવનું સ્તવન. )

### ( કવ્વાલી-ગઝલ. )

સદા કલ્યાણ કરનારા, નમું ડંકેશ્વરા વ્હાલા;
ત્રિપુરને આપ હરનારા, સર્પ છે કંઠમે કાળા,—૧
મુનિ શ્રી ડંક ભક્તિથી, પ્રસન્ન થયા આપ અવિનાશી;
પ્રસારી જગતમાં કીર્તિ, ઉગાર્યા જન્મ મર્ણેથી;—૨
કર્યો ડંકોજ ડાકોરે, કર્યું મ્હા તિર્થ સ્થળ આપે;
દરસ દ્યે શ્રી હરી સાથે, ધ્વજા ભક્તિ તણી ફરકે;—૩
હલાહલ વીષ છે કંઠે, જટામાં શોભતાં ગંગે;
ગજાનન પાર્વતી અંકે, ત્રિલોચન્ ભાલમાં ચંદે;—૪
પ્રભુ જય જય શ્રી સચ્ચિદાનંદ, વિભુ જય જય અખંડાનંદ;
પ્રભુ જય જય શ્રી પરમાનંદ, જગતના ટાળજો સહુ ફંદ;—૫
સુખો સંતોષ દેનારા, મનોરથ પૂર્ણ કરનારા;—
દહન કર પાપ સહુ મારા, ત્રિશુલ હસ્તેજ ધરનારા.—૬
અજન્મા આપ જગદિશા, ચિદાનંદ આપ યોગીશા;
જગતમાં સહુ સ્થળે વ્યાપ્યા, કરૂં તમ દર્શની આશા—૭
કરૂં તમ નામના સ્મરણો, દિએના જન્મને મરણો;
સદા કેશવ પ્રભુ ચરણે, અમારી વૃત્તિ સ્થીર કરને;—૮

---

### ( હિંદુસ્તાની ભજનની લાવણી-

(ધરો કંઈ હિત શીખામણ ધ્યાન ગર્વથી નથી નાથ—એ રાગ.)

જય ડંકેશ્વર ત્રિપુરારી, જાઉં હું તમપર બલિહારી,
અહો નિશ માળ જપું તારી, વિભુ લે આજીવ ઉગારી-જય૦

પંચ વદન શશિ ભાલ ત્રિલોચન, ગૌરવર્ણું શિવરૂપ;—(૨)
નાગ અલંકૃત વ્યાઘ્રચર્મધર, (૨) જય કૈલાસિ ભુપ;—
કૃપા કર જંગલના લ્હેરી, ગળામાં સર્પ રહે ઝહરી,—જયડંકેશ્વર.
શુક્ર તણાંતો કુંડલ લળકે, ભસ્મ ધરો છો અંગ; (૨)
અરધા અંગે ઉમયા સોહે, નંદિ ભ્રંગિ સંગ;—
ભયાકર રતિપતિવૈરી, બાજતી નાદ બરદ ભેરી; જયડંકેશ્વર
કામક્રોધ મદ લોભ મોહને, મત્સરને સંહારો;-(૨)
ચંદ્રશેખરા અર્જ કરૂં છું, આ ભવમાંથી ઉગારો;—
જગત આ સ્વાર્થ બંધુ ભારી, કરે છે દેહ સુધીયારી;—જયડંકેશ્વર
ડાકડમરૂને હસ્ત ગ્રહ્યાં છે, રૂંઢ તણી તો માળ; (૨)
ભાંગ ધતુરના ભોળા ભોગી, કાળ તણા મ્હાકાળ;—
બજાવું દેહ ફરજ મારી, ધરૂં મનશિવ મૂર્તિ સારી;—જયડંકેશ્વર
અધમ ઉદ્ધારણ પ્રટશંકરા, ભોળા ઉમયાકાન્ત,—(૨)
કેશવના દિલરામ શિવજી, જય જયશ્રી ડંકનાથ;—
કરૂં છું સ્તુતિ નિત્યતારી, ઉઘાડે મોક્ષ તણી બારી;—જયડંકેશ્વર.

(ગોકુળીયું રૂડું ગામડીયું રહ્યા માટે નાવો શ્યામ—એ રાગ)

ત્રિપુરારી નમુ દિલ થકી, ડંકેશ્વર ભોળા સાંબ;—(૨)
કંઠમેં કાલા, ફુલની માલા;—(૨)
ઓ ભાંગધતુરના ભોગીરે, અવિનાશી ઇશસાંબ—ત્રિપુરારી.
વૃષભ સંગા. જટામે ગંગા (૨)
ત્રિલોચન ત્રિશુલધારીરે, જંગલમાં તારૂં સ્થાન—ત્રિપુરારી
વ્યાઘ્રનું અંબર, મૂર્તિ છે સુંદિર;—(૨)
ભોળા વિભુતિને લગાવીરે, શોભો છો ગૌરવાન,—ત્રિપુરારી.

જન્મ મરણનો, ફેરા ટળાવે;—(૧)
જય કેશવના દિલરામ નમું, ડંકેશ્વર ભોળા સાંબ; ત્રિપુરારી
બોલો શ્રી ડંકેશ્વર મહાદેવકી જય

---

## ( શ્રી હનુમાનજીનું સ્તવન. )

( મઝાહેતે હય કયા યાર. તેરે બાલ ઘુંઘરવાલે;–એ રાગ. )
ધન્ય હનુમંત મહાબલવીર, રામતણા નિજ ભક્ત કહાવે (૨)
સુગ્રીવની કરીમૈત્રિ, સીતાની શોધ કરી,—(૨)
ઉલંઘન કરી ઉદધિ, પ્રભુનો પત્ર સીતાને પહાવે;—ધન્ય૦
રાવણનો ત્રોડયો બાગ, વધકીધો અક્ષય કુમાર (૨)
કર્યો લંક મહિં મહા દાહ, ફુંદી રામ તણા ગુણ ગાવે;—ધન્ય૦
કર્યું નિધિ પરસેતુ બંધ, લાવ્યા ગિરિ દ્રોણાચલ;—(૨)
લક્ષ્મણનું કરી રક્ષણ, પ્રભુનો શોકજ દુર કરાવે;—ધન્ય૦
દસ સ્કંધ તણો કરી નાશ, પછી જાઓ અવધપુર વાસ (૨)
સિય રામ લછમન સાથ, જય જય રામની ધુન બોલાવે;–ધન્ય૦
મહા ભક્ત થઇ નિષ્કામ, બેઠા જઇ અમરધામ. (૨)
જયકેશવના દિલરામ, જય જય રામતણા મતવાલે; ધન્ય૦

---

## ( કવ્વાલી ગઝલ. )

પ્રભુના ભક્ત સૌએમાં, ગણાયા શ્રેષ્ટ હનુમંતા;
રમે નિત્ય રામ તમ દિલમાં, સદા બ્રહ્મચારી બળવંતા.—૧
પ્રભુશ્રી રામ ભક્તિથી, ઉલંઘ્યા આપ મ્હા ઉદધિ;
સીતાની શોધતો કીધી, પ્રભુની મુદ્રીકા દીધી;—૨

ઉજાડ્યો બાગ રાવણનો સુતન અક્ષય તમે હણીયો;
ફર્યો મ્હા દાહ લંકે તો, પુકારી રામ શણુવિો.—૩
ગદા લઇ નભં વિષે ઉડયા, ગિરિ દ્રોણાચલે પ્હોંચ્યા;
ઉખેડી મુળથી લાવ્યા, લક્ષ્મન : મૂર્છાથી જાગ્યા.—૪
સિંદુરને તેલ છે વ્હાલા, ધરાવું આકની માલા;
હૃદયમાં રામ રઢીયાળા, ક્ષમા અપરાધ કર મારા.—૫
કરી ભક્તિ તમે જેવી, થશે ના કોઇથી તેવી;
સદા નિષ્કામ ભક્તિથી, ભજ્યા શ્રી રામને દિલથી.—૬
સદા કેશવતણા વ્હાલા કરૂં તમ પાસ નિત્યકાલા,
ધરે ભક્તિ વિજયમાલા, દરસધ્યે રામ રઢીયાળા.—૭

**શ્રી હનુમાન મ્હારાજકી જય.**

**શ્રી રણછોડરાયકી જય શ્રી દ્વારિકાધીશકી જય.**

**शांतिः शांतिः** **शांतिः शांतिः**

## समाप्त.

## श्रीकृष्णार्पण मस्तु.

વાંચો ! વાંચીને ગ્રાહક થાઓ !!!

( જાહેર ખબર )

# શ્રી રણછોડ કીર્તનમાળા.

( મણકા-૧૦૮ )

**સુજ્ઞ મહાશયો અને બ્હેનો;—**

પરમ કૃપાળુ પરબ્રહ્મ મહામંગલ સ્વરૂપ શ્રી રણછોડરાય પરમાત્માનું સ્તવન કઇ રીતે કેટલું અને કઇ વીધિથી કરવું તેના બ્રહ્માદિક દેવ પણ પાર પામ્યા નથી તો પછી આપણી તો શી ગણત્રી; છતાં પણ પ્રેરક પરમાત્મા કર્માનુસારે બુદ્ધિને જેટલી સદ્દમાર્ગ [illegible] પ્રેરે તેટલી કૃપાનો લાભ લઇ પ્રયાણ કરતા રહેવું અર્થાત;—પ્રભુ સ્તવનમાં મન વાણી દોડાવવી એમ સમજી શ્રી હરી કૃપાથી આધુનિક સમયાનુસાર નાટકી રાગ રાગણીની ઢબમાં તથા વૃદ્ધોપયોગી ધોળ પદોની ઢબમાં શ્રી હરીના ફાલાયેલા ગુણના ૧૦૮ મણકાની માલારૂપે આ અલ્પજ્ઞ સેવકે યથામતિનુંસાર તયાર કર્યું છે. તેમાં શ્રી વિષ્ણુ સહસ્ત્ર નામનો પાઠ પ્રાકૃત કરી સંગિતમાં મણકારૂપે લખાયો છે. તે પુસ્તક ઈશ્વરેચ્છાએ દીપોત્સવીપર છપાઈ બહાર પડશેઃ-

ન્યોચ્છાવર. રૂ. ૦-૪-૦

'શ્રી રણછોડ દર્શનિકા' નું પુસ્તક તૈયાર છે ન્યો. રૂ. ૦-૪-૦

પુસ્તક મળવાનું ઠેકાણું—

**કવિ. કેશવરામ ત્રીભુવનરામ.**

મુ. ડાકોર. ઠે. સ્ટેશન રોડ.